# GUJARATI
# PAPER-III
# OCT-11/06

Signature of Invigilators

1. ................................

2. ................................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ................................

................................
(in words)

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronic Devices is prohibited.
8. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠની જમણી બાજુની ઉપર આપેલી જગ્યામાં તમારો ક્રમાંક (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં કોઈપણ સ્થાને તમારી ઓળખ કરાવે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

SEAL

Total Marks obtained ................................

Signature of the co-ordinator ....................
(Evaluation)

[P.T.O.]

**GUJARATI** **ગુજરાતી**

**PAPER - III** **પેપર - III**

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

**વિભાગ I**

**નોંધ :** નીચેનામાંથી કોઈ **એક** નિબંધ **૫૦૦** શબ્દોમાં લખો. (૨×૨૦=૪૦)

1. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા.

**અથવા**

ગુજરાતી નારીસર્જકોની નવલકથાઓમાં નારીચેતના.

**નોંધ** : નીચેનામાંથી કોઈ **એક** નિબંધ **૫૦૦** શબ્દોમાં લખો.

2. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતકવિતાનાં સ્થિત્યંતરો.

**અથવા**

ઉમાશંકર જોશીની વાર્તાકલા.

## વિભાગ II

નોંધ : નીચે આપેલ પ્રશ્ન ક્રમાંક **3**, **4** અને **5** પ્રત્યેકમાંથી કોઈ એક એક પ્રશ્નજૂથની પસંદગી કરીને ઉત્તર **300** શબ્દોમાં લખો :

3. **પ્રશ્નજૂથ : 1** 15

(અ) રસપ્રતીતિનાં વિઘ્નો.

(બ) વક્રોક્તિના પ્રકારો.

(ક) કાવ્યનાં પ્રયોજનો અને હેતુઓ.

**પ્રશ્નજૂથ : 2**

(અ) વસ્તુગત સહસંબંધક (objective corelative).

(બ) નવ્યવિવેચનની વિભાવના.

(ક) અતિવાસ્તવવાદ.

**પ્રશ્નજૂથ : 3**

(અ) સુરેશ જોષીનો કાવ્યવિચાર.

(બ) ચન્દ્રકાન્ત ટોપીવાળાનું વિવેચનકાર્ય.

(ક) હરિવલ્લભ ભાયાણીનું ભાષાવિજ્ઞાનક્ષેત્રે પ્રદાન.

4. **પ્રશ્નજૂથ : 1** 15

(અ) પદ્યવાર્તાનાં લક્ષણો.

(બ) ખંડકાવ્યમાં સંઘર્ષનું તત્વ.

(ક) આત્મકથા અને જીવનકથા વચ્ચેનો ભેદ.

**પ્રશ્નજૂથ : 2**

(અ) ગુજરાતી ભાષાના વિકાસના તબક્કાઓ.

(બ) લોકસાહિત્યક્ષેત્રે હસુ યાજ્ઞિકનું પ્રદાન.

(ક) 'ચરોતરી' બોલીની લાક્ષણિકતાઓ.

**પ્રશ્નજૂથ : 3**

(અ) 'મેઘદૂત' માં પ્રણય અને પ્રકૃતિ.

(બ) 'ગોદાન' નું કથાવસ્તુ.

(ક) 'હયવદન' માં પુરાકથાનો વિનિયોગ.

5. **પ્રશ્નજૂથ : 1** 15

(અ) 'કુરુક્ષેત્ર' માં દર્શકનું દર્શન.

(બ) 'અથવા' ની કાવ્યરચનાઓમાં આધુનિકતા.

(ક) 'જનાન્તિકે' નું ગદ્ય.

**પ્રશ્નજૂથ : 2**

(અ) 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી' નવલકથાનો ધ્વનિ.

(બ) 'ધ મીક વન' માં દામ્પત્યનિરૂપણ.

(ક) 'ધ વેસ્ટ લેન્ડ' માં પ્રતીકયોજના.

**પ્રશ્નજૂથ : 3**

(અ) તુલનાત્મક સાહિત્યમાં અનુવાદનું મહત્વ.

(બ) વિશ્વસાહિત્યની વિભાવના.

(ક) પ્રાંતીય સાહિત્યની લાક્ષણિકતાઓ.

**Q. No. 3. ................................**

**Q. No. 4. ..............................**

**Q. No. 5. ..................................**

## વિભાગ III

નોંધ : નીચેના પ્રશ્નક્રમાંક 6 થી 14 ના પ્રશ્નોના ઉત્તર **50** શબ્દોમાં મુદ્દાસર લખો : (9×10=90)

6. 'મહાભારત' નાં નારીપાત્રો.

7. 'ગોરા' માં ભારતીયતા.

8. 'આંગળિયાત' માં દલિતસમાજ.

9. 'વહી જતી પાછળ રમ્યઘોષા' ની ભાવસૃષ્ટિ.

10. 'દ્વિરેફની વાર્તાઓ' માં સામાજિક વાસ્તવનું નિરૂપણ.

11. 'વેઈટિંગ ફોર ગોદો' માં વિસંગતિબોધ.

12. મેઘાણીનું લોકસાહિત્યક્ષેત્રે પ્રદાન.

13. વિવેચન અને સંશોધન વચ્ચેની ભેદરેખા.

14. રમેશ પારેખનાં ગીતોમાં લોકતત્વોનો વિનિયોગ.

## વિભાગ IV

નીચે આપેલા પરિચ્છેદનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખો :

(દરેક ઉત્તર 30 શબ્દોમાં લખો.) 5×5=25

નવી શૈલીની નવલિકામાં ભાષા અને શૈલી અવનવી અભિવ્યક્તિની છટાઓ દાખવે છે. માનવચિત્તનાં અજ્ઞાત સંચલનોને મૂર્ત કરવાના પ્રયત્નોમાં 'વાર્તાકથન' હવે એક ગૌણ અતિ ગૌણ વસ્તુ બની ગઈ છે અને જે ગહન સ્તરનાં સંચલનો રજૂ કરવાં છે તેમાં સમયનો લય પણ બદલાતો રહે છે. ક્યાંક સમય મંથર ગતિએ ચાલે છે, ક્યાંક તે ત્વરિત ગતિ કરે છે, તો ક્યાંક થીજીને થંભી ગયેલો લાગે છે. ચિત્તનાં સંચલનોમાં તેની ગતિવિધિ જાણે કે મૂર્ત પરિમાણો ધારણ કરે છે. આજનો સર્જક હવે સુષુપ્ત ચિત્તમાં અભિભૂત થઈને પડેલી સંવેદનાઓને કલ્પનો અને પ્રતીકોની સહાયથી બહાર લાવવા ચાહે છે ત્યારે સમયની મુદ્રા બદલાઈ જાય છે. ભૌમિતિક

રેખાએ સીધી ગતિ કરતો અમૂર્ત સમય નહિ પણ વિવિધ પ્રતીકો અને પુરાણકથાઓમાં સંચિત થયેલો મૂર્ત સમય અહીં પ્રત્યક્ષ થાય છે. જુદા જુદા સંવેદનના સંદર્ભોમાં તે વિસ્તરે છે, સંકોચાય છે કે થંભી જાય છે. કેટલીક વાર સર્જક પોતાનાં આદિભૂત સંવેદનોને તેની આદિમ તાઝગી અને તેના સ્વપ્નિલ પરિવેશ સાથે પામવા એ સંવેદનોના વિશ્વને એના પાયાનાં સંયોજનો સમેત સ્વીકારે છે અને સમયની ક્ષણો ત્યાં થીજી ગયેલી લાગે છે. આવી વાર્તાવસ્તુ જ્યાં સ્વીકારવામાં આવી હોય ત્યાં ઘટનાના ક્રમિક આલેખનનો પ્રશ્ન ઊભો થતો નથી. ચિત્તની આદિમ વાસ્તવિકતાનાં સંકુલ સ્તરોને શક્ય તેટલા અકબંધ ગ્રહણ કરવાનો એમાં પ્રયત્ન હોય છે. સ્વાભાવિક રીતે જ એમાં જે કંઈ બને છે તે બૌદ્ધિક પ્રતીતિનો વિષય નથી. તીક્ષ્ણ ગ્રહણશક્તિ અને ઉત્કટ સંવેદનશીલતા દ્વારા એમાં અનુસ્યૂત રહેલા સમયની ગતિને તાગવાની રહે. અરાજક અને અતંત્ર લાગતા સંદર્ભોમાંયે ક્યાંક Underlying structure શોધવાનું રહે.

15. નવી શૈલીની નવલિકામાં વાર્તાકથનનું સ્થાન કેવું છે ?

16. નવી શૈલીની નવલિકામાં સમયનું નિરૂપણ કેવી રીતે થાય છે ?

17. આજની વાર્તાનું વિષયવસ્તુ કેવું છે ?

18. નવી શૈલીની નવલિકામાં સંવેદનાઓનું સ્વરૂપ કેવું છે ?

19. નવી શૈલીની વાર્તાની સંરચના પામવા માટે વાચકની શી ભૂમિકા હોવી ઘટે ?

## ROUGH WORK

SEAL